1208N66

Candidate's Seat No : ________

M.A. Sem-3 Examination

503

Sanskrit

Time : 2-00 Hours] August 2021 [Max. Marks : 50

સૂચના -

(1) વિભાગ 1 માંથી ગમે તે ત્રણ પ્રશ્નના ઉત્તર લખો. દરેકનો ગુણભાર 14 નો છે.

(2) વિભાગ 2 માંથી સૂચવ્યા પ્રમાણે આઠ પ્રશ્નોના ઉત્તર લખવાનાં છે. દરેકનો એક એક ગુણ છે.

(3) સમગ્ર પ્રશ્નપત્ર (50) પચાસ ગુણનું છે.

## विभाग 1

......................

પ્રશ્ન – 1 નીચેનાં વાક્યોનો સંસ્કૃતમાં અનુવાદ કરો.

(1) જનક સાથે સીતા વનમાં રહે છે. (2) તે વન્યજીવોને ચાહે છે અને તેમનું પાલન કરે છે. (3) સવારે પાણી અને ઘાસ આપે છે. (4) આશ્રમમાં જ્યારે અતિથિ આવે છે, ત્યારે તેમનું કન્દથી અને મૂળથી સ્વાગત કરે છે. (5) રાત્રે પર્ણની કે તૃણની પથારીમાં શયન કરે છે. (6) સવારે બ્રાહ્મમુહૂર્તે જાગે છે અને નદીએ જાય છે. (7) નદીમાંથી ઘડા દ્વારા પાણી લાવે છે. (8) આ પાણી સ્વયં પીવે છે અને ગાયોને પણ આપે છે.

પ્રશ્ન – 2 નીચેનાં વાક્યોનો સંસ્કૃતમાં અનુવાદ કરો.

(1) ગણેશ અને સુરેશને નમસ્કાર થાઓ. (2) ગુરુની આસ પાસ શિષ્ય બેઠા છે. (3) નદીનું જળ સમુદ્ર તરફ વહે છે. (4) પુત્ર વિરમ, આટલો શ્રમ પૂરતો છે. (5) આચાર્યને નમસ્કાર છે. (6) જ્ઞાન સિવાય મુક્તિ શક્ય નથી. (7) નદીની પાસે વૃક્ષ અને વૃક્ષની પાસે લતા છે. (8) વિના વાણી વિના કર્મ વિજયી થાય છે.

પ્રશ્ન - 3 તૃતીયા વિભક્તિનો કારકવિભક્તિ અને ઉપપદવિભક્તિ તરીકે પરિચય કરાવી, ઉપપદવિભક્તિના પ્રયોગવાળાં ચારેક વાક્યો સંસ્કૃતમાં લખો.

પ્રશ્ન – 4 અમરકોષની વિષયવસ્તુ અને ગ્રન્થની આન્તરિક સંરચનાનો સંક્ષેપમાં પરિચય કરાવો અને સંસ્કૃત-ભાષાશિક્ષણમાં તેની ઉપયોગિતા તમારા શબ્દોમાં લખો.

પ્રશ્ન – 5 साधु, खण्ड, पूर्ण, लघु અને दीर्घ આ પાંચ ગુણવાચક વિશેષણ શબ્દોનો ત્રણેય લિંગમાં ઉપયોગ કરી, પંદર વાક્યો સંસ્કૃતમાં લખો.

પ્રશ્ન – 6 પ્રારંભિક ચાર સંખ્યાવાચક વિશેષણ एक, द्वि, त्रि અને चतुर् શબ્દોનો જુદાં જુદાં બાર સંસ્કૃત વાક્યોમાં પ્રયોગ કરી, તે વાક્યોને લખો.

પ્રશ્ન – 7 અમરકોષના નાનાર્થવર્ગનો વિગતે પરિચય કરાવો.

પ્રશ્ન – 8 નિમ્નલિખિત શબ્દો પૈકી ગમે તે પાંચ શબ્દનો પર્યાય શબ્દ લખી, તે પર્યાયનો વાક્યમાં પ્રયોગ કરી બતાવો.

1. पिनाकः । 2. द्विजः । 3. पुण्डरिकम् । 4. द्रविणम् । 5. इला । 6. स्थाणुः ।

## विभाग 2

[P.T.O]

66-2

પ્રશ્ન – 9 નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો.

(1) स्पृह् ધાતુના પ્રયોગમાં ઇપ્સિતની કઈ સંજ્ઞા થાય છે અને તેને કઈ વિભક્તિ થાય છે ?

(2) भी ધાતુના પ્રયોગમાં ભયહેતુની કઈ સંજ્ઞા થાય છે અને તેને કઈ વિભક્તિ થાય છે ?

(3) नमः ના યોગમાં કઈ વિભક્તિ વપરાય છે ?

(4) ऋते ના યોગમાં કઈ વિભક્તિ વપરાય છે ?

(5) સાથે શબ્દને માટે સંસ્કૃતમાં કયો અવ્યય વપરાય છે ?

(6) नाकः નો પર્યાય શબ્દ લખો.

(7) જળના વાચક आप् શબ્દની વાક્યપ્રયોગ કરતી વખતે કઈ બાબત ધ્યાનમાં રાખવાની છે ?

(8) रक्त ના ત્રણેય લિંગના પ્રથમા એકવચનનાં રૂપો લખો.

....... 000 ......